[redacted]

… આના આનો મોકલવાથી મોટું પ્રાઈસલીસ્ટ મોકલવામાં આવશે.

શ્રી પ્રાચીન તમામ ❋ કવિઓના બનાવેલા. ❋

સુંદર મહીના

પ્રસિદ્ધ મહિના સંગ્રહ.

પ્રસિદ્ધ કર્તા.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

અમદાવાદ

અમદાવાદ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ. સને ૧૮૯૯.

रशीक महिना संग्रह.

સારદાના મહીના.

રાગ સંદેસાનો.

આસો માસે સમરૂ માતા સરસ્વતી, વાસ વસો જીવ્હાએ આવી માત જો;
નરનારીતે નવરાતરી મન માનતી, રજની દીવસ હ્દય સઉનાં રળીઆતજો
સેવક થઇ સમરૂછુ માતા સારદા, ૧
કારત માસે પંડીત કાળીદાસની, વામી જીભે આપ્યુ માતા વરદાનજો;
અમરત ચોઘડીએ જાણે તે અવતરયો, અમર થયો ને અમર કરયાં રાજાનેજો ૨
માગશરે માતા મળવાની આશજે, અલબેલી તું પુર અમારા કોડજો;
જગદંબા છોજી જીભે જશ દાયની, આપ પ્રતાપે નાવે ખાંપણ ખોડજો. ૩
પોશે પંડીત પામ્યા પ્રખ્યાતી કંઇ, તે સઘળોછે માવડી તુજ પ્રતાપજો;
પાર ન બ્રહ્મા શેશ મહેશ તુજ પામીયા, કહી ગયા તે વેદ પુરાણે છાપજો. ૪
માહે પંડી માઘ ગયો થઇ મહીપતો, તેને નામે મહીનો લખીઓ માઘજો;
વળી પાંચમ દીન પ્રગટી વસંત પંચમી, દીન રજની નવ લાગ્યો એક ડાઘજો ૫
ફાગણ માશે હોળી આવી શાલતી, રસ બીભત્સને સુભ ખી શણગારજો;
જો માતા કીંકરપર તું કરૂણા કરે, અતીશેનો માનુ તારો ઉપકારજો. ૬
ચઇતરે ચીત ચોટયુ છે તુજ ચરણમાં, વરણ વરણમાં કર તુ તારો વાસજો;
શરણે શેવક આવ્યો તે ઉગારતું, દીનદયાળી તું હું છું તારો દાસ જો. ૭
વઇશાખે વીપત વીદારો વીસ્વની, એટલુ માગુ અંતર અતી અકળાયજો;
તુ માતા પીતા તુ છુ ઓ માવડી, તુ રીઝે તો કરે રાંકને રાયજો. ૮
જેઠે તાપ તપે મારૂં તનડું તપે, સીતળ કરીને છાંટો ઠંડુ નીરજો;
અમરત પાઇ ઉછેરો માતા માહરી, ભવની ભાગે તો તો મારી ભીડજો. ૯
અસાડ મહીને છોડ અસાડી આપને, જાણો માગી જનમો જનમ જરૂરજો

ઘન ગરજે ને વળી ઝબુકે વીજળી, દ્રષ્ટી તારી થકી નથી હું દુરજો ૦૯
શાવણ માસે સેવું ને સમરૂ સદા, ધરૂ તેપર માતા તારૂં ધ્યાનજો
રસ બસ કર રસના રસથી ભરપુર તું, વળી વળી માગુ એ તારૂ વરદાનજો. ૧૧
ભાદરવે ભલી ભાત ભજાવો ભકતની, ભારે ભારે તોજ મલે વધભોગજો;
એવીજ છે ઇછા મા મારે અંતરે, મન મોહનને રીઝે સજ્જન લોકજો. ૧૨

બહુચરાજીના મહિના.

શીવશંકરભોળા એ રાગ.

ચઈતરે ચીત ઘણું બાંધ્યુ, નમી નમી બહુચર આરાધ્યુ;
મન મારૂ ગોખે જઈ લાધ્યું શેવોને સંખલપુર રાણી. ૧
વઇશાખે વાવલીયા વાયા, માજીના ગઢ ભણી આયા;
અંબાજીની મોટી છે માયા શેવોને સંખલપુર રાણી. ૨
જેઠે તો જુગતીછે સારી, હરી હર બ્રહ્મ થકી ન્યારી;
જાઉ ગોખ ઉપર બલીહારી. સે૦ ૩
અશાડેતો મેઘ ઘણો ગાજે, છતર સીર બહુચરને છાજે;
ચાર પહેર ચોઘડીઆં વાજે. સે૦ ૪
શ્રાવણે સરવડીએ વરશે, માજીને ભજશે તે તરસે;
નહી બીજા અથડાઈ મરશે. સે૦ ૫
ભાદરવો ભલી પેરે ગાજે, સેવકને સનમુખે થાજો;
બુડતાં બાવલડી સાજો. સે૦ ૬
આસો માસે આવી દીવાળી, આવ્યાંછે અંબાને કાળી;
ગરબે રમો બહુચરબાળી. સે૦ ૭
કારતકે કોયલડી બોલે, ન આવે મારી માજીને તોલે;
તે જોતાં મારું મોહન ડોલે. સે૦ ૮
માગશરે સરોવરમાં નહાયે, ચાચર આવીગરબાનો ગાયે;
શેવકની મા કરજે સાયે. સે૦ ૯

પોસે પ્રીત ઘણી ધારી, પંડવ પાંચે લીધા ઉગારી।
કઉરવ સરવે ગયા હારી. સે૦ ૧૦
માહેતો મને નથી ગમતુ, મન મારૂ રહેછેરે ભમતુ;
મનમારૂ માઝીમાં રમતુ. સે૦ ૧૧
ફાગણે ફેર ફરે હોળી, પેહેરયાં માએ ચરણુંને ચોળી;
કેશર બહુ છાંટયાંછે ગોળી. સે૦ ૧૨
બારે માસ પૂરણ કીધા, દહીતને દંડભલા દીધાઃ
અમર સઊંને ઉગારી લીધા. સે૦ ૧૩
આસો સુદ બીજને બુધવારે, બારે માસ થયાનીરધારે;
વલભની ચડજો મા વારે, શેવોને સંખલપુર રાણી૦ સે૦ ૧૪

જીવણપ્રાણના મહિના.

રથ આવ્યા અકરૂડના, હુઆ નંદ દરબાર;
શબ્દ કરેછે સુંદરી; વળી જુએ છે વાટ.
રથ જોડીને રાલવ ચાલ્યારે, મથુરાના તે મારગ ઝાલારે,
વ્હાલો ઠાકોર વળી વળી જુએરે, નેણ ભરેને રાધકા રૂએરે.
મારા બાળા તે પણુના એલીરે, શું જાઓછો માયા મેલીરે;
જીવણ પ્રાણછો, આતમારામ છો. ટેક
કારતગ મહીને કંથ શીધાવ્યા, રહી નસકે નારી;
અંતર જામી નથી અજાણ્યા, હમી ઉઠયા રહી હારી.
મેતો સંભુનીની સેવના ન કીધીરે, મેલી થાપણ ઓળવી લીધીરે;
મારી હરીએ દઆતની દીધીરે, જીવનપ્રાણછો. આતમારામછો. ૧.
માગશર રહીને મલી ગઆ, જઈ બેઠા જગદીશ,
કોઇ શંદેશો લાવે સામનો, તેને ચરણે નમાવું શીસ,
તેને ચરણે નમાવું શીશરે; કોઇ દેખાડો જગદીશરે;
હું રાંધુ રસોઇ બતરીશરે, જીવન પ્રાણછો આતમારામછો. ૨

પોષ મહીનાની પ્રીતડી, જોબનની જંજાળ,
જમણુ હતાં તે જમી ગયા, ઢાલા મેલ્યા થાળ;
હરીએ ઢાલા તેમેલ્યા થાળરે; એવી જોબન તણી જંજાળરે,
મારી જાય જુવાની બાળરે, જીવન પ્રાણછો, આતમારામ છો. ૩
માહા મહીનાની ટાઢડી, અતી રાતે અંધકાર;
આંસુ લોચન વહી ગયાં, વરસે શ્રોણીત ધાર;
મને વહેની તે વેદના થાયરે; હુથી એકલડાં ન રહેવાયરે;
મારી થરથર કંપે કાયરે, જીવણ પ્રાણછો આતમારામ છો; ૪
ફાગણ ફુલ્યો ફુલડે, રમતા રાધવરાય;
આશું ફુલે સુંદરી, હરી તજી ગયા જમણી બહાય;
વાહાલો સોળસે ગોપીઓ માંયરે: કાનુને કાંઇ ન કહેવાયરે,
વાહાલો મુકી ગયો વન માંયરે, જીવન પ્રાણછો આતમારામછો. ૫
ચઇતર ચંપો ફાલીયો, પીપળ આવ્યાં પાન;
નાવ્યો નાગર નાવલો, મને તેનું લાગ્યું છે તાન;
મને તેનું લાગ્યુંછે તાનરે, મને હરી ભજ્યાની હામરે;
કોઈ દેખાડો શ્રીરામરે; જીવન પ્રાણછો આતમારામ છો ૬
વઇશાંખે વાય વાવલાં, મુખનુ ઉડું નુર,
તાપ તપે તનડુ તપે, હરી મેલી ગયાછે દુર;
એવો આવ્યો છે માથે ઉનાલોરે, એવો કપટી કાનડ કાલોરે,
મને મુકી ગઓ મોરલીવાલોરે, જીવણ પ્રાણ છો, આતમારામછો. ૭
જેઠે જાણ્યું આવશે, વેગે વીઠલરાય;
ચંદન ઘોળું વાટકે, વીઝણે ઢોલું વાય;
હરીને વીઝણે ઢોલુ વાયરે, મારી ઘડી પલક જુગ જાયરે,
મારા કાળજામાં કાંઈ થાયરે, જીવણપ્રાણછો આતમારામ છો.
અસાડ ચમકે વીજલી, ઘન ગરજે ઘમ ઘોર;
આંસુડે ભીંજાય મારી ચુંદડી. મીઠડા બોલે મોર;

એવા મીઠડા બોલે મોરરે, કરે બપઈયા કલોલરે;
મારૂ જાગે જોબનનું જોરરે, જીવન પ્રાણછો, આત્મારામછો. ૯
શ્રાવણ વરશે સરવડીએ, નહાવું નીરમળ નીર;
પેહેરયાં પીતાંબર પોતીયાં, ઓઢણ આછાં ચીર;
હરી ઓઢણ આછાં ચીરરે, આપણે નાતાં જમનાં તીરરે;
એવાં ઢળતાં શીત શરીરેરે, જીવન પ્રાણછો, આત્મારામછો ૧૦
ભાદરવો ભલો ગાજીઓ, પણ નાવ્યા બળવીર,
ચીર હતાં તે હરી ગયા, મારૂં શાણે ઢાંકુ શરીર:
માહારી પોહોચે નજર નહીનાંખીરે, વહાલે ભરવાડની ગતીરખીરે;
શામળીએ ન જોયું ઝાંખીરે, જીવન પ્રાણછો, આત્મારામછો. ૧૧
આશોમાશ ભલે આવીઓ, સઉની પુરી આસ;
તોરણ બાંધાં ડોડલે, એમ ગાય હરી જન દાસ,
ઘેર ઘેર મંગળ ગાયરે ત્યાં થેઈ થેઈ થેઇકાર થાયરે,
સોતા વકતાનાં સંકટ જાયરે, જીવન પ્રાણછો; આત્મારામછો. ૧૨

નંદલાલના મહીના.

આવોને નંદલાલ, રમવા આવોનેરે,
નીરભે થયાછો નાથ, રમવા આવોનેરે.
કારતક મેતો કસ્ડેરે કાઢયો, ભરદરીએ જેમ જહાજ; રમવા૦૧
માગસર મહીને મારગડેરે મેલી, હવે અમારૂ કોણછે બેલી,
ગીરધર વીન થઇ ઘેલી. રમવા૦૨
પોષ માસે જીવન પ્રાણ તજુંછું, લોકડીયાંની લાજ લોપુછું;
શંસાર તાજ કરછું, રમવા૦૩
મહા મહીને મંદીરીઆંરે સુનાં, હરી વીના આસનીયાંરે સુનાં,
વહાલા વીના જાયછે જોબનીઆં, રમવા૦૪
ફાગણે ફગફગતી હોળી, અબીલ ગુલાલે ભરાવુંરે ઝોળી;
વહાવા વીના ખેલે કોણ હોળી રમવા૦૫

ચઇતરે મને ચીંતારે લાગી, સુતા સેજલડીમાં ઝબકીને જાગી;
વ્હાલાની લેહ લાગી. " રમવા૦૬
વઇશાખે વાવલીઆ વાયા, આંખ ઉઘાડી ચોદેશુ જોયા;
આંસુ પાલવડે લોહ્યાં. રમવા૦૭
જેઠ માસે જગજીવન આવે, વઇજીવ શરવે વધામણી લાવે;
વ્હાલો મારો કાંઇ ન કહાવે રમવા ૦૮
અશાડે હું અબળી નારી, જોબન હરિએ પુરછે ભારી;
પીયુંના વચનને વીસારી. રમવા ૦૯
શ્રાવણ તો શરવડીએ વરસે, નદીએ નીરઘણેરાં હળશે;
વાલો મારો શી રીતે ઉતરશે. રમવા૦ ૧૦
ભાદરવો ભરહરીએ ગાજે, લીલાં વન નવ પલવછાજે;
વાલો મારો કાંઈ નવ લાજે. રમવા૦ ૧૧
આસો માસે દેવદીવાળી, લોક વણે સઉ સેવ સુંવાળી;
લ વીના તે જમે કોણ વાળી. રમવા૦ ૧૨

કરનજીવણના મહીના.

આવો આવો શીવશંકરભોળા–એ રાગ.

કારતકે ક્રષ્ન ગયા મેલી, આંખડીએ આંસુની હેલી;
ગોપી ફરે ગોકુળમાં ઘેલી, ઓધવજી નારે ઘટે તમને.
સહચરો થાઓને વહેલી, કે નાંકો અંબોડો મેલી.
ગોરી એના જોબનમાં ઘેલી; ઓધવજી નારે ઘટે તમને૦ ટેક. ૧
માગશરે મંદીરમાં રમતાં, ભેળાં બેશી ભોજનીઆં જમતાં;
હવે અમે કેમ નથી ગમતાં. ઓધવજી૦ ૨
પોશ કહેજો પ્રીત કરી પેહેલી, ગોરધનનાથ મથુરાં ગયા મેલી;
વધાઈ મોકલજો વેલી. ઓધવજી૦ ૩
કુબજ્યા તે સોકય થઇ સાલે, વાલો મારો મથુરામાં માલે
તરછોડા નંદ તણા લાલે. ઓધવજીવ ૪

ફાગણે રંગરમતાં હોળી, સુંદર પેહેરી ચરણા ને ચોળી;
કુમ કુમ કેશરમાં ઘોળી. ઓધવજી૦ ૫
ચઇતરે ચીતવન કરી ચુકયાં, શરીર અમ અટવાઇ સુકયાં;
નારીએ નીશાશા મુકયા. ઓધવજી૦ ૬
વઇશાખે વાટ જુએ ગોપી, લજ્યા નીજ માબાપની લોપી;
કાનુડાને કુભજા રહી રોકી. ઓધવજી૦ ૭
આવી તટ દાણ લેતા દહાડી, મથુરામાં રંગ રમતાં નારી;
ભુલ્યા કેમ ગીરીવર ગીરધારી. ઓધવજી૦ ૮
જેઠે જાદવને હસીએ, તારી મારી કીધી રંગ રશીએ;
હરી હવે ગોકુળમાં વશીએ. ઓધવજી૦ ૯
અસાડે મેવલીઆ ગાજે, તેથી મારૂ દીલ દેખી દાઝે
એકલડાં મુકયાં માહારાજે ઓધવજી૦ ૧૦
શ્રાવણમાં શું કરીએ સજની, ગોઠે નહી દીવશ કે રજની;
વ્યાકુળ કરે વીનતાઓ વરજની. ઓધવજી૦ ૧૧
ભાદરવે ભરજોબન નારી, ઘેર નહી આવ્યા ગીરધારી;
વાલાજીએ મેલાં વીસારી ઓધવજી૦ ૧૨
આશોએ ઓધવજી આવ્યા, શંદેશો શામ તેણો લાવ્યા;
રાધકાજીને મન ભાવ્યા. ઓધવજી૦ ૧૩

સીતાજીના મહીના.

સાખીઓ.

મારા શામ સુંદર શ્રી રામરે, કેને આશરે રહીએ; મારા પદ પદ માની પ્રણામરે. લલના રંગ લઇએ; ઘર બહાર અલગ ઘનસ્યામરે, મારા સમ નવ જઇએ. ટેક.

કારતકે કેમ કરી કાઢીએ, જુગ જેવી પલ જાય; ત્રાગથી જે તોડીએ, પણ મળવાને મન અકળાયરે. મા૦ ૧

જોબન દરીઆ ધુધવે, પીયુ દેશાવર દુર;

અજાણ્યા અણ અનુભવી, તે શું નારીનું જાણે નુરરે. મા૦ ૨
માગસર ઘેર વીજોગણી, પીયુ પરદેશ પ્રમાણ,
ખવાય અળગુ ખોળીયું, જેના પરવસ પંડીયા પ્રાણરે મારા૦ ૩
જળથી જુદી માંછલી, રાખો કરી વીવેક;
વારૂ મારા વાલમા, એના પ્રાણ ન રહે પલ એકરે; મારા૦ ૪
પાશે પ્રીતમ પ્રીતડી, વીરહ બાણ વા વહાય;
એ ઘાયલનો અંત નહી, એનું તન તરફડીયાં ખાયરે મા૦ ૫
ખાવું પીવું ખેલવું, ઓઢણ પહેરણ અંગ;
બોલવું ચાલવુ બેસવુ, એને પોઢવુ ન ગમે પલંગ; મા૦ ૬
મારે મન તલસે ઘણું, જુરે વીજોગણ નાર;
લક્ષ વીંછીની વેદના, ઉપજે ચીતમાં અનેક વીચારરે; મા૦ ૭
ફાગણ હોળી ફાલતી, ફાગ રમે શઉ કોય;
એક હોળી મારે આંગણે, બીજી લઇએ હોળીમારે હૈયરે; મા૦ ૯
ભીતરમાં ભડકા બળે, જન દેખે નહી ઝાળ;
વગખાં મારે વીધવીધે, જેને ડશીઓ વીરહનાગરે. મા૦ ૧૦
અંતર ચકોર ચીંતની, શશી વીદેશી શામ;
ભર જોબનમાં એકલી, એતો દાઝયા ઉપર જેમ ડામરે મા૦ ૧૧
સુભાગીઆં જે સારસાં, સજોડ સનેહ સહીત,
કયમ કરી વશીએ એકલાં, રાણીજાયા જનમનીએ રીતરે. ૧૨
વા વાયા વઇશાખનાં, આંબે આવી શાખ;
ભોગી ભમે વીદેશમાં, થાય હૃદય બળીબળી ખાખરે. મા૦ ૧૩
મુગાને સપનું થયુ, મનમાં રહી મુજાય;
પ્રીતીનુતો પારખુ જે જીભે કહ્યું નહી જાયરે; મા૦ ૧૪
જેઠ તણા તડકા પડે લાય જેવી લુ વાય;
સુના મંદીર માળીયાં, સુની સેજલડી ખાવા ધાયને. મા૦ ૧૫
જાય ન રજની દીન જાતાં, રાત ગએ દીન જાય,

વીરહ દુખ મહાવેદના, એ તે નજરે જોઈ કેમ જાયરે. મા૦ ૧૬
અસાડ ઝબકે દામની, ઘન ઘર છે નભ માંય;
બપઇઆ પેઉપેઉ*કરે, શુણી વીરહણી વ્યાકુલથાયરે મા૦ ૧૭
દેવદાનવ પશુ પક્ષી, માનવ તાં કોણ માત્ર;
જીવતાંપ્રેત વીજોગીયું, વિરહ વીરહીજન ગાત્રરે. મા૦ ૧૮
શરાવણ વરસે શરવડે, નદીઓ આવે નીર,
લીલી મુમી ભાસે ભલી, ગાજે તરૂવર ઘોર ગંભીરરે મા૦ ૧૯
ઘોર અંધારી રાતડી, ઝરમર વરશે મેહ;
આંખે આંસુ ઢહે, જેનો સ્વામી ગયો તજીસ્નેહરે; મા૦ ૨૦
ભાદરવો ગાજે ભલો, રાજવી સઉ વઈભોગ;
રગમાં રઉરવ રોગ એ, જેને વહાલાંનો થાય વીજોગરે. મા૦ ૨૧
ચંપા ચંબેલી મોગર, નવ પલ્લવ વન વહાય;
વીરહણી જાત જવારીઓ, તેતો શોસે સુકાઈ જાયરે મા૦ ૨૨
આસો આવ્યાં નોરતાં, રમે જમે નરનાર.
દીવસ દીવાળી દોહલા, તેતો જાણે જગત કરતારરે; મા૦ ૨૩
દંપતી અંગ ઉમંગમાં, ગાનતાન ગીત રંગ;
અંગરાગ અદભુત યથા, જયજયકાર જણાવે અનંગરે મા૦ ૨૪
મન મોહન અધી માશથી, થાય પરભુ પરશન.
સંગ શીતા જેમ રાખીયાં; તેમ ટાળે વીરહવ્યાધી દનરે; મા૦ ૨૫

ક્રશ્નજીના મહીના.

રાગ ઉપર પ્રમાણે.

કારતકે કશ્ન ગયા મેલી, મારે ઘેર આવો વનમાળી;
કુબજા કેમ ગમી કાળી, આવો હરી રાશ રમો વાલા. ૧
માગસરે મારગડે રમતાં, ભેળાં બેશી ભોજનીઆં જમતાં.
હવે હરી કેમ નથી ગમતાં આવો ૨
પોશે તે શોસ પડયા અમને, તીકમજી શું કહીએ તમને

દીલાસા સારે દીધા અમને. આવો ૩
આગે મારે અંધારી રાતો, ફુલડીએ બીછાવી ખાટયો;
વહાલે લીધી મથુરાંની વાટયો; આવો. ૪
ફાગણે ઘેર ઘરે હોળી, પહેરણ ચરણાને ચોળી;
ચુંદડી મારી કેશરમાં રોળી. આવો ૫
ચઇતર ચીત કરે ચાળા, મધુવન મોરલીયો વાળા;
દરશન દો નંદતણા લાલા. આવો ૬
વઈશાખે વાટલડી જોતી, ઉભી રહી ધુસકડે રોતી;
પાલવડે આંશુડાં લોતી. આવો. ૭
જેઠે તો જગજીવન આવે, વધામણી સઉ લોકો લાવે;
વહાલો મારો કશુએ ન કહાવે; આવો હરી. ૮
આશાડે અબળા રહી ઝાંખી, વહાલે મહારે બારજોબન રાખી;
વીચારો તે વાત મશે વાંકી. આવો. ૯
શાવણ તો શરવાડીઓ વરશે, નદીઓ નીર ઘણા ઢળશે;
વાલો મારો શી રીતે ઉતરશે. આવો. ૧૦
ભાદરવો ભલી પેરે ગાજે, વહાલા થઇ વીહળ તમ કાજે;
વાહાલો મારો જરીએ ન લાજે. આવો. ૧૧
આસો માસો આવી દીવાળી, શેવો વણુ કે શુવાળી;
વાહાલા વીના આ શી દીવાળી. આવો. ૧૨

નંદકીશોરના મહીના.

કારતક મારો કહાનજી સાહેલીરે, શે અપરાધે શામ, ગયા મને મેલીરે. ૧
અવગુણ અમારા શા હશે સાહેલીરે, જે હરીએ ઉતારયુ હેત ગયા મને મેલીરે ૨
મને એકલાંઅન ભાવેનહી, સાહેલીરે, એમહોટુ દુઃખ મહારાજ ગયામને મેલીરે ૩
કોણુ આગળ કરૂ ગોઠડી સાહેલીરે, વહાલે તજીયુ ગોકુળગામ ગયામને મેલીરે ૪
કઠણુ થયાછે કહાનજી સાહેલીરે, તે સાલે હઇડા માંય ગયા મને મેલીરે ૫
આંખે દાઝુ ઘણુ સાહેલીરે, હરી ઘણુ દેખાડી હેત ગયા મને મેલીરે ૬

કારતક કઠણે કહાડીઓ સાહેલીરે, ના આવ્યા નંદકીશોર ગયા મને મેલીરે ૭
માગસરે મથુરામાં ગયા શખી આવુંરે, મને એક પલક જુગ જાય સદેશો કાવુંરે ૮
ઘરનાં કામ ગમે નહી સખી આવુંરે, મારૂ ચીત પ્રભુની પાસ સંદેશો કાવુંરે ૯
વીંદરાવનમાં કોણ જશે સખી આવુંરે, મોરલી વાશે કોણ સંદેશો કાવુંરે ૧૦
બંશીબટના ચોકમાં શખી આવુરે, હાંરે ક્રીડા કરશે કોણ શદેશો કાવુંરે ૧૧
દાણી થઇ કોણ ઘેરસે, સખી આવુરે, કોને માગા દઇશુ દાણ સંદેશો કાવુંરે ૧૨
હશીને કોણ બોલાવશે, શખી આવુરે, મને કરસે કોણ કટાક્ષસંદેશો કાવુંરે ૧૩
માગસર મોટો મરમ તજી શખી આવુરે, પ્રભુ નાગર નંદકીશોર સદેશો કાવુંરે ૧૪
પોસે પરભુ મુકી ગયા સો દાવોરે, તમે નંદ જશોદાના હરી અહી આવોરે; ૧૫
જમનામાં ગીદુ પડ્યો, શો દાવોરે; પ્રભુ કાળી નાગની કાજ હરી અહી આવોરે. ૧૬
ઈનદરે ઘન વરસાવીઓ, શો દાવોરે, ગોવરધન દવારકાં કાજ, હરી અહી આવોરે ૧૭
છો જાદવ અમે આહીરડાં શો દાવોરે; તેલોકલાજને કાજ, હરી અહી આવોરે. ૧૮
જમનાંજીમાં ઝીલતાં શો દાવોરે, ચીર હરવાને કાજ, હરી અહી આવોરે. ૧૯
વહાલાં તે વેરી થયાં, શો દાવોરે; હરી એમ ન કીજે નાથ, હરી અહી આવોરે. ૨૦
પોસે પેમદાં વલવલે, શો દાવોરે; તમે જીવાણ નંદકીશોર, હરી અહી આવોરે. ૨૧
માઘે મળવા નાથને, મન હીસેરે; હું જોઉંછું ચોદશ વાટ, કહી નવ દીશેરે. ૨૨
શીઆળે સુખ સાંભળે મન હીસેરે; કેમ જાએ મોટી રાત કંઇ નવ દીશેરે; ૨૩
મોરલી સુણવા માહરૂ, મન હીસેરે; મેં સોધા સહુ ઘોવાળ કહી નવ દીસેરે. ૨૪
જે હસવું કરતા નાથની, મન હીસેરે; અમે સોધું વંદરાવન, કંઇ નવ દીસેરે, ૨૫
સપનંતર શરખું થયુ મન હીસેરે; અમે તે દુખ કેમ શહેવાય, કંઇ નવ દીસેરે. ૨૬
આવડુ અમે જાણુ નહી, મન હીસેરે; છેક આપવી જેહ, કંઈ નવ દીશેરે. ૨૭
માઘે મન વીહવળ થયાં, મન હીસેરે; તમો જીવણ નંદકીસોર, કંઈ નવ દીશેરે. ૨૮
ફાગણ કહુ ફરી ફરી, દુખ કાપોરે; છો ગોપીજનના પરાણ દરશન આપોરે, ૨૯
વસંત આવ્યો વીઠલા, દુખ કાપોરે; ગુલાલે ભરયા ગોવીંદ, દરશન આપોરે. ૩૦
હોળી હરખે ખેલીએ, દુખ કાપોરે; રમવા સરખી રાત, દરશન આપોરે. ૩૧
માથે મુગટ કર મોરલી, દુખ કાપોરે; પરભુ જમનાજીને તીર, દરશન આપોરે. ૩૨

ગોપીઓ સહુ વલવલે, દુખ કાપોરે; એમ કઠણુ ન થઇએ કંથ, દરસન આપોરે;૩૩
હરી હવે ઘણી થઇ, દુખ કાપોરે; ઓચીંતા એકાંત દરશન આપોરે. ૩૪
ફાગણુ ફરકે આંખડી, દુખ કાપોરે, છો જીવણનંદકીસોર, દરશન આપોરે. ૩૫
ચઇતરે ચીંતા કરે, સઉ બાળારે, સ્વામી વીજોગે દેહ પરગટી જવાળારે. ૩૭
વદન કમળ સુકાંઇ ગયાં, સઉ બાળારે; નવ સુજે એકે પેર પ્રગટી જવાળારે. ૩૮
સણુગાર શેજે પરહરી, સઉ બાળીરે; સુકાયાં સઉનાં ગાત્ર, પ્રગટો જવાળારે; ૩૯
ઘેલીસી ફરે ગામમાં, સઉ બાળારે; નહી કરસન વીના કાંઇ વાત પ્રગટી જવાળા ૩૯
ગુણુ ગાતી ગોવીંદના, સઉ બાળારે વહે નેતરે આંસુ ધાર, પ્રગટી જવાળારે. ૪૦
સોક સમુદરમાં પડી, સઉ બાળારે; તેનુ રહ્યું નહી કોર, પ્રગટી જવાળાંરે. ૪૧
ચઇતરે ચીત હર નહી સઉ બાળારે; છો નાગરનંદ કીશોર, પ્રગટી જવાળારે,૪૨
વઇશાંખે સઉ વલવલે, કયાં જઇએરે; મારે હઇએ દુખ અપાર કોને કહીએરે, ૪૩
તીકમની તે તજી ગયા કયાં જઇએરે; વળી હસે દુરીજન લોક, કોને કહીએરે;૪૪
પ્રાણુ અમારા પ્રભૂકને; કયાં જઇએરે વળી શાસુ નણદનુ સાલ, કોને કહીએરે; ૪૫
સુનુ સઘળુ દેખીએ, કયા જઇએરે; ગયા જીવન પ્રાણુ આધાર, કોને કહીએરે. ૪૬
કઠણુ થયા છે કહાનજી, કયાં જઇ એરે; હજીએ નવ જાએ પ્રાંણુ, કોને કહીએરે, ૪૭
પરેમ પંથમાં સઉ પડી, કયાં જઇએરે; છે વાંકી સઘળી વાત, કોને કહીએરે. ૪૮
વઇશાખે રાખ્યાં વેગળાં. કયાં જઇએરે. છો નાગર નંદ કીસોર, કોને કહીએરે.૪૯
જેઠે કહાવે ઝંખનાં, એમ હરીનેરે; શુ અટકયા કુબજાના સાથ; નાઆવ્યા ફરીનેરે૫૦
પરીત કરી લપટાઈ ગયા; એમ હરીનેરે; મળી મથુરાં કેરીનાર, નઆવ્યા ફરીનેરે.૫૧
વાંક કાઢીને વળગતાં, સઉ હરીનેરે; ભૂલી શુ હુ ભગવાન, ન આવ્યા ફરીનેરે. ૫૨
અમો અબળાનુ શુ ગજુ, કહો હરીનેરે; તે તમને ન ઘટે નાથ, ન આવ્યા ફરીનેરે.૫૩
વાંકસો છે વીઠલા, કહે હરીનેરે; દેઇ છેહ ગયાછો છેક; ન આવ્યા ફરીનેરે. ૫૪
મારૂ જોબનીયુ એળે ગયુ, કહે હરીનેરે; હુ કયાં લગી રાખુ ધીર નઆવ્યા ફરીનેરે.૫૫
જેઠે હેઠ જોઈ ગયા, કહે હરીનેરે છો નાગર નંદકીશોર ન આવ્યા ફરીનેરે ૫૬
અસાડે ગન આવીયો, ઓ બેનીરે; થયો વીજળીનો ચમકાર, મનડુ રહેનીરે ૫૭
બપઇઆ પીઉ પીઉ કરે. ઓ બેનીરે; મદમાતા બોલે મોર, મનડુ રહેનીરે,૫૮

સેન્જે પેઉંડો સાંભરે; એ બેનીરે, વળી મંડયો વરશે મેહ, મનડુ રહેનીરે. ૫૯
લોક લાજ મે પરહરી, એ બેનીરે; હુ જાઉ પ્રભુની પાસ, મનડુ રહેનીરે. ૬૦
ધીરજ મેં રાખી ઘણી, એ.બેનીરે; હજુએ નવ આવ્યા નાથ, મનડુ રહેનીરે ૬૧
કોઇ સંદેશો કહે મને, એ બેનીરે; હરી આવશે આજકે હાલ મનડુ રહેનેરે. ૬૨
અસાડે ના આવીઆ, એ બેનીરે; છો જીવણ નંદકીશોર મનડું રહેનીરે. ૬૩
શ્રાવણ વરસે સરવડે. તે સાલેરે; આવ્યા ચોમાસાના દન, કોહો કેમ ચાલેરે. ૬૪
હરી કુબજા સાથે ખેલ કરે તે સાલેરે; વાલે મુકી વરજની નાર, કહો કેમ ચાલેરે
સંદેશો ના કહાવીઓ તે સાલેરે; તમે લોક થયા મહારાજ, કહો કેમ ચાલેરે.
બહેરીડા કરે વાતડી, તે સાલેરે; મારૂં પુરણ બાંધયું મન કહો ચાલેરે. ૬૭
વીઠ્ઠલ રાખ્યાં, તે સાલેરે; શું નથી જાણતા નાથ કહો કેમ ચાલેરે. ૬૮
હરી ચતુર થઇ ચુકી ગયા, તે સાલેરે ગયું જાણપણામાં આજ. કહો કેમ ચાલેરે.૬૯
શ્રાવણ શુનો હરી વરી વીના તે સાલેરે; છો નાગર નંદકીશોર, કહો કેમ ચાલેરે.૭૦
ભાદરવો કહે ભાવશુ, બીજ નારીરે; તમે જીતા જગજીવન હરી હું હારીરે. ૭૧
રમતાં રાડ કીધી હસે, બીજ નારીરે; તમે ક્ષમા કરોઅપરાધ, હરી હું હારીરે ૭૨
મનમાંથી વ્યાકુલ થઈ, બીજ હારીને; હવે દયા લાવો મહારાજ, હરી હું હારીરે.૭૩
તમે કહેશો તે કરશું અમે, બીજ નારીરે; પ્રભુ રખે રાખતા રીસ, હરી હું હારીરે.૭૪
ત્રીકમજી તમે તજી ગયા' બીજ નારીરે; કેમ વરશેરે વરસાદ, હરી હું હારીરે.૭૫
અમો અહંકાર તજ્યો, બીજ નારીરે, તમો છો દીનદયાલ, હરી હું હારીરે.૭૬
ભાદરવે ભુદર નવ મલ્યા, બીજ નારીરે છો નાગર નંદ કીશોર, હરી હું હારીરે.
આસોમા સખી આવશે, વનમાળીરે; મારે થાશે હરીહુ ભેટ, આજ દીવાળીરે.૭૮
પ્રેમ જોઇ ગોપી તણો, વનમાળીરે; હરી આવ્યા કહેવાય, આજ દીવાળીરે.૭૯
ગોપી સઉ હરખે ઘણું, વનમાળીય ઘેર ઘેર મંગળ ગાય; આજ દીવાળીરે. ૮૦
ફરી ફરી મુખ નીરખતાં વનમાળીરે; સઉ હરખે ઘેલી થાય, આજ દીવાળીરે ૮૧
ગોપી પ્રેમે કરતી આરતીા વનમાળીરે; વળી પાંચે હસતી જોય, આજ દીવાળીરે.૮૨
મનોરથ સઉ પુરણ કર્યા, વનમાળીરે; થયા તે બારે માસ, આજ દીવાળીરે. ૮૩
આસોમાં હરી ફરી મળ્યા, વનમાળીરે, છો નાગર નંદકીશોર, આજ દીવાળીરે ૮૪

શ્રી અંબાજીના મહીના.

કારતક માસે કરૂણા કરો મુજ માતરે, મા અંબાજી;
અલબેલી અંબા સાંભળ મારી વાતરે, મા અંબાજી. ૧
વાત સાંભળીને સમરૂ શ્રીહરી નાથરે મા અંબાજી;
તારા દરેશનની મને મોટી અંબા આશરે. મા અંબાજી. ૨
માગશર માસે મન મળવા અકળાયરે, મા અંબાજી;
તારી ઇચ્છા કરતાં અંબા દીન વહી જાયરે, મા અંબાજી. ૩
દીન વહી જાયને આસા મુજને મોટીરે, મા અંબાજી;
તારા રંગ મંડપમાં હુ નવ આવી લોટીરે, મા અંબાજી. ૪
પોષ માસે મુજને મળવા શોપરે, મા અંબાજી;
મુજ રાંક ઉપર શો ધરવો માજી રોશરે મા અંબાજી; ૫
રોશ મ ધરીએ તમેછો દેવી દયાળરે, મા અંબાજી;
જેનુ નામ ધરાવે શેવક જન પ્રતીપાળરે, મા અંબાજી. ૬
માહા મહીને કાંઇ વરત સાંભળ્યાં તમારાંરે, મા અંબાજી;
મા શુ જુઓછો કુડાં કરમ અમારાંરે મા અંબાજી. ૭
કુડાં કરમની કરણીમાંછે મધ્યાંનરે, મા અંબાજી;
તારા દરશનનુ મન મોહુ અંબા માંનરે, મા અંબાજી.
ફાગણ માસે ફરી ફરી ઉલટે અંગરે, મા અબાજી;
રંગ ભર્યાં મનડાં નવ કરશો ભંગરે, મા અંબાજી. ૯
ભંગ ન કરશો તનડુ મારૂ તલખેરે, મા અંબાજી;
ચીત અમારૂ ચરણે આવી અટકેરે, મા અંબાજી. ૧૦
ચઇતર મહીને ચીંતા મુજને ઝાઝીરે, મા અંબાજી;
જનમ ધરી નવ નીરખ્યાં અંબાજીરે, મા અંબાજી. ૧૧
નવ નીરખ્યાં મેં અંબા અકળ સ્વરૂપરે, મા અંબાજી;
મા વળતાં ક્યાંથી દેખીશ માનાં રૂપરે મા અંબાજી. ૧૨
વઇશાખ મહીને વરસ જાય દેહ નાહીંગ, મા અંબાજી;

મા હવે વળતી વેળા રહીછે માહીરે, મા અંબાજી. ૧૩
વેળા માઠી માંથે મોટુ દુઃખરે, મા અંબાજી;
વળતા કયાંથી દેખીશું માનાં મુખરે, અંબાજી. ૧૪
જેઠ માસે મુજને તેડો હેઠરે, મા અંબાજી;
નહી તેડોતો જીવત જાશે વેઠરે, મા અંબાજી; ૧૫
વેઠ થશે ને મીથ્યા થાશે જનમરે, મા અંબાજી;
ભાગ્ય નથી પણ ઓછાં મારાં કરમરે, મા અંબાજી. ૧૬
અસાડ માસે અટક ન ધરીએ માતરે, મા અંબાજી;
તારા દરશનને માટે તલસે મારૂ તનરે મા અંબાજી ૧૭
તન તલસેને દયા ન આવે મારીરે, મા અંબાજી;
મા દયાળુ દીલથી શુ મુકોછો કાઢીરે, મા અંબાજી. ૧૮
શ્રાવણ માસે સંઘ ભરીરે, મા અંબાજી;
મા ઇછા હોય તે આવે તારે પારેરે' મા અંબાજી ૧૯
મા પાપી હોયતે નીશ્ચે પાવન થાયરે, મા અંબાજી.
મા સંઘ ભરાયને સઉને ઇછા થાયરે; મા અંબાજી; ૨૦
ભાદરવામાં શીદને મન ભમાવોરે મા અંબાજી
તારાં દુરલભ દરશન આપી તાપ સમાવોરે. મા અંબાજી. ૨૧
તાપ સમાવી શીતળ કરજો છાંયરે, મા અંબાજી;
સીસ નમાવતા પ્રાશ્ચીત ફલે થાયરે, મા અંબાજી. ૨૨
આસો માસો અરજ સાંભળો વેલીરે, મા અંબાજી;
મા આરાસુરમાં કરો આનંદની હેલીરે, મા અંબાજી. ૨૩
હેલી કરીને પુરો મનની આશરે, મા અંબાજી;
સેવક જનને તેડો તમારી પાસરે, મા અંબાજી. ૨૪
બારે માશ પુરણુ કીધા માતરે. મા અંબાજી;
મા વીશમપરી વીશ્વસ ન કરશો ઘાતરે, મા અંબાજી. ૨૫
તેરમો મહીનો પુરસોતમ કહેવાયરે, મા અંબાજી;

મા હરી પ્રતાપે પુરસોતમ સહુ ગાયરે, મા અંબાજી; ૨૬
આરાસુરમાં નીત્યે આનંદ થાયરે, મા અંબાજી;
કરજોડીને બાપુ શેવક ગાયરે. મા અંબાજી. ૨૭

દવારકાના મહીના.

કારતક મહીને એ શું કીધુ કામરે શામળીઆ, અબળાને તરછોડી ચાલ્યા ગામ મારા શા.
હેની ઓથે હું તો જઇને રહું રે શામળીઆ, જોભતીઆની પીડા કેને કહુ મારા. સા૦૨
વાલા તે તો ઘણી કદીછે ઘાતરે, સા૦ અંતર માંહે જુઓ તપાશી વાત. મારા શા૦૩
આ નોધારીનો નાવલીઓ પરદેશરે, સા. વેહેની લાહયો લાગી બાળે વેસ મારા શા૪
જુગાનીનુ પુરવહીને જાયરે શામળીઆ. દહાડે ને ધવસે તે ઓછુ થાય. મારા શ્રા૦૫
અગાઉ તો પ્રીત એમ શું જોડીરે શા. જાતાની વેળાએ છેકજ તોટી. મારા શામ. ૬
આયદે તો આવી દરસન દેજોરે, શા. દવારકાંના સ્વામી અમને મળજો મારા શા. ૭
માગશર મહીને કેઈ પેરે હું રહુરે શા. સુખડાંને દુઃખડાં તો કોને કહુ મારા શામ, ૮
એક ... વાતો મેલી હું તો થાઉરે, શામ૦ આ મેલ્યુ ને સંતાડુ ભુલી જાઉં. મારા૦ ૯
ધણીજી મુજને આલાધારણ દેજોરે, શા. કાંઇ મીઠલડી વાતોતો મુજને કહેજો મારા સા.૧૦
જનમાળી તું તો લીલાના સાથીરે, શા, કીડીનો તે ઝાલો કેમ રહે હાવી. મારા શા. ૧૧
અમે તમારાં દાસલડાંતો થઇએરે શા૦ મોટાને ઠેકાણે કાંઈ નવ જઇયે મારા શા. ૧૨
... હૈયામાં કાંઇકિ તમેતો લાવોરે. શા. પ્રીતલડી જાણીને ઘેર આવો મારા શા. ૧૩
બે મહીનામાં વરસ ગયાંછે લાખરે, શા. દવારકાંના સ્વામી દરસન દાખો મારા શ. ૧૪
પોસ માસે ના આવેતો મરીએરે, શા. વીખડાંને ખઇને તો ઘાતો કરીએ. મારા શા.૧૫
મુગ તેં તો કાપ્યાં છે આજરે, શા. લંપટને તો કશી ન આવી લાજ મારા શા. ૧૬
ભવસાગરમાં બુડી હુતો જાઉરે, શા૦ કોનાને પાલવડા તાણી સાઉં મારા શા૦ ૧૭
તમ વીનાતો ક્યાંથી લીજે લાભરે, શા. તળે તો ધરતી ને ઉપરછે આભ મારા શા .૧૮
સુક અમારી નજરે શીછે ચઢીરે શા૦ કઠણુ હઇયાના થઇને ગયા વઢી મારા શા.૧૯
જીવડો અમારો વ્યાકુળ તેં તો કીધોરે શા. પડતાને ઉપર તો પાય દીધો મારા શા.૨૦
કુડું તેં તો મુજશું કીધું કામરે, શા૦ દવારકાંના સ્વાંમી પુરો હાંમ મારા શા૦ ૨૧
માહા મહિનેતો એલેવેલે જાયરે શામળીયા. શીયાળાની ટાઢો મુજને વાય મારા શા.૨૨

સુતાંને બેઠાં તો સુનું લાગેરે શામળીયા. સુખડાંને સંભારી બાણ વાગે મારા, શા૦ ૨૩
હીમ હવે તો પડવા માંડયું કેરરે શા૦ સેજલડી સુનીછે આવો ઘેર મારા શા૦ ૨૪
હીમાળો તો હાલ્યોને અતી હીંડયોરે શા. દોહલા દીનની ભાગો મારી ભીડયો મારા શા.૨૫
કઠણ વેળાની આવી સંકટ હરજોરે શામળીયા.વીનતાનેતો વાલ કરીને વરજો મારા શા.૨૬
ટળવળનાને પાણી તમે પાવોરે શા૦ શીયાળો ગાળવાને ઘેર આવો મારા શા૦ ૨૭
વીસ્વાશીને વાઇને ત્યાં રહયારે શા૦ દવારકાંના સ્વામી મુવા થયા મારા શા૦ ૨૮
ફાગણ મહીને પરેમવાડી રહીછે ફોલીરે શા. ઘેરાઇયા રમેછે કેસર ઘોળી મારા શા.૨૯
વંદરાવનની વેલો સરવે ફુલીને શા૦ લીલીને રહીછે કાંઇ ડાલો જુલી મારા શા. ૩૦
દવનાં લાગ્યાં વન થયાંછે લીલાંરે શા૦ ફુલડીયાં ફુલ્યાંછે રાતાં પીળાં મારા શા૦ ૩૧
આંબલીએતો મોરછે રૂડી રીતરે શા૦બાવળીઆતો ફુલ્યા પુરણ પ્રીતે મારા શા૦ ૩૨
આ રતમાંતો ઓચંતાના આવોરે શા૦ કાગલીઓ લખો કે કાંઇ કાવો મારા શા. ૩૩
ડાહયાનેતો કહેવું નપડે કાંઇરે શા૦ બીડયાંને બળીએ છીએ રૂદીયામાંય, મારા શા૦
વીરહ તણોતો ભીતર ભડકા લાગેરે, શા૦ દવારકાના સ્વામી સુતા જાગે; મારા શા૦
ચઇતર મહીને ચીંતામાંતો ફરૂંરે શા૦ ઠારણ મારાં ઠારો તારે ઠરૂ; મારા શા૦ ૩૬
આ દુખડાંતો સુખે મેંતો સહયાંરે શા૦ કઠણ હઇયાના એવા કેમ થયા, મારા શા૦
ઉનાળાનો તડકો આકળો લાગેરે શા૦ ધરતીનો ધીકેછે કામ જાગે; મારા શા૦ ૩૮
મોહતણાનો ભડકા મુજને લાગેરે શા૦ ઘરમાંહે જઇને ઊંડા આધે મારા શા૦ ૩૯
વાલા તારી ફુલડીઓ કરમાયરે, શા૦ સેંચ્યા વીનાતો સુકાઇ સુકાઈ જાય મારા શા૦
ધુતારાને વાર ન લાગી જાતાંરે શાં૦ નમેરાંને દયા ન આવી વાતા. મારા શા૦ ૪૧
છ મહીના તો ચઇતર મહીને થયારે; શા૦ દવારકાંના સ્વામી કયાં ગયા મારા શા૦
વઇશાખે તો વાર તમને લાગેરે; શા૦ અબળા નારી તરત પરાણ તે તાગે. મારા.શા૦
ગોકુળ આવો ગીરધારી તમો ચાલીરે. શા. વાતલડી તો આપણ કરીએ વાલી. મારા શા૦
સંસાર તો મુજને મેણા મારેરે, શા. કાનુડો સઉ કહીને પોકારે મારા શા૦ ૪૫
કે મુજને મેલીને તો ગયારે; શા૦ કુબજાના બેલીડા જઇને થયા મારા શા૦ ૪૬
ચીતવ્યું તેતો મારા મનમાં રહયુરે શા૦ અણચીતવ્યું તે થયું મારા શા૦ ૪૭
શું કરીએ બાઇ કરમ તણાછે ભોગરે; શા૦ આ વેળામાં કંથ તણો વીજોગ. મા.૪૮

ઉભી ઉભી અરજ કરૂછું તારીરે; શા૦ દવારકાંના સ્વાંમી જો જો ધારી મારા શા૦ ૪૯
જેઠ મહીને તો વાવલીઆ ઘણા વાયરે; શા૦ તારૂણીને તાલાવેલી થાય મારા શા૦
પંખીડાતો વાવસ જઇને બેઠાંરે, શા૦ માળા તો ઘાલીને પ્રીતે પેઠાં મારા શા૦ ૫૧
પરદેશી તો પરદેશથી આવ્યારે; શા૦ સમાચાર કોઇ તમારા નવ લાવ્યા. મારા શા૦
મથુરાનાં વાસી તમે થયારે, શા૦ ગોકુળીયાને જાણો તાં શું રહયા મારા શા૦ ૫૩
એવુ પાત્ર કંશ તણીછે દાસીરે; શા૦ ધુતારીએ રાખ્યાં રંગવીલાસી મારા શા૦૫૪
ચતુર હોય તે સારૂનરસુ જાણેરે, શા૦વીવેકી તો મતમાં વાતો આણે. મારા શા૦૫૫
દયા કરીને દુખ અમારાં કાપોરે; શા૦ દવારકાનાં સ્વામી, સુખડુ આપો. મા૦ ૫૬
માસ અશાડે ચોમાસુ ભરપૂરરે શા૦ વરસાળો આવ્યો તે જોજો ઉર મારા૦ ૫૭
મધુરો મધુરો મેવલીઓતો વરસેરે; શા૦ ઝાડીઓને લાગી તો જીવ તલસે મા. ૫૮
નાંની મહોટી નદીઓનાં જે નીરરે; શા૦ વહીને ચાલેછે દરીઆ તીર. મા૦ ૫૯
જયાં જાઉ તાં જળ તણો નહી પારરે, શા૦ધરતીએ તો સજીયોછે શણગાર. શા.૬૦
મોર દાદુર બોલે છે મોટા વનમાંરે, સા૦ બપઈયો તરશોછે એવા દનમા. મા૦ ૬૧
એવી ટેક હોય તો એને મળજોરે, સાં૦ પ્રેમી જનનાં સ્નેહી વહેલા વળજો મા૦ ૬૨
પંડ પડે પણ બીજાને નવ ભજીએરે, સા૦ દવારકાંના સ્વામી સુખડાંસનીએ મા.૬૩
શરાવણ મહીને શરવડીઆંતો પડેરે, સ.૦ મેવલીઓ ગાજેછે વાદળ ચડે. મા૦ ૬૪
આડી અવળી વાદળીઓતો ધાયરે, સા૦ કાળા પીળા ડુંગરીઆ દેખાય. મા૦ ૬૫
વીજળીઓના ઝબુકા બહુ થાયરે,સા૦ જુવતીએ તે જરા ન જોયુ જાય. મા૦ ૬૬
ધરતી ઉપંર જલતણો નહી પારરે, સા૦ પગ માંડવાને નથી એકે ઠાર. મા૦ ૬૭
વળગેલાને વાટમાં નવ મેલોરે સા૦ ચરણકમળથી પળ અળગા નવ ઠેલો મા૦૬૮
દન રજનીતો કેઇ પેરે જાયરે. સા૦ તમ વીના મેં તો નવ રહેવાય, મા૦૬૯
અવગુણનો તો એકે નથી પારરે. સા૦ દવારકાંના સ્વામી કરજો વહાર. મા૦૭૦
ભલું થયું ભાદરવો ભલે આવ્યોરે;સા૦ સુંદરીના મનમાંતો સારોભાવ્યો મા૦૭૧
સઇઅર બેઠી ભજન હુંતોકરતીરે.સા૦ કાનુડાનુ ચીંતવનચીતમાં ધરતી મા૦૭૨
એવામાંતો સ્વપ્નુ મુજને થયુંરે,સા૦ ઝળહળ રૂપ આવીને ઉભુ રહ્યું મા૦ ૭૩
ભાવ કરીને હેતે મુજને ભેટયારે,સા૦ રંગ વધારયો શોક સરવે મટયો મા૦૭૪

સેહેજ તણુતો સારૂ લીધુ સુખરે,સા૦ ઘણાતો દીવસની ભાગી ભુખ મા૦ ૭૫
જનમ જનમની ભાવટ મારી ભાગીરે,સા૦એવામાંતો ઝગક કરતીજાગી.મા૦૭૬
પાતળીએતો પુરણ કીધી મેરરે, સા૦ દવારકાંના સ્વામી આવો ઘેર. મા૦ ૭૭
આશો માશે દીવાળી છે મારેરે, સા૦ દીવાને કીધા છે સઘળે દુવારે. મા૦૭૮
કીરપા કરીને માવાજીએ આજરે,સા૦ સારયુને સુધારયુ મારૂ કાજ. મા૦૭૯
પૂરવ જનમની વાચા તેનોપાળીરે, સા૦ કિરપા કરીને વેળામારી વાળી. મા૦૮૦
ફુલીને ફરૂ છુ આનંદ અંગેરે, સા૦ મોતીડે વધાવુ સહીયર સંગે. મા૦ ૮૧
સંવત અઢાર તેવીશ કારતક સારરે,સા૦એકાદશીએ પુરા મહીના બાર. મા૦૮૨
ગુરૂ તણી કીરપાએ મેંતો ગાયારે,સા૦ સંતોસુણો અધીક મારી માયા.મા૦૮૩
શેવક તારો સ્વામી પાસે રહેછેરે,સા૦ કરજોડીને દાસ દવારકો કહેછે. મા૦૮૪
શીખે શુણેને નીત કરે અભ્યાસરે,સા૦ બીજ મંડળમાં સદાય તેનોવાસ.મા૦૮૫
પૂરશોતમ માશે અઢળક ઢળીઆરે, સા. સુખડાના રીંધુ તો વહેલા વળીઆ.મા.૮૬
માનનીઓ તે મળીને મંગળ ગાયરે, સા૦ આનંદને ઓછવ ઘણેરો થાય મા૦ ૮૭
તરીઆ તોરણ મંદીરીએતો ઝળકેરો સા૦ મોતીડાની શેરો માંહી લટકે. મા૦ ૮૮
ચારે ખુણે કસ્તુરીની કયારીરે, સા૦ ચંદનની તો ઓકળીઓ દીસે સારી. મા૦ ૮૯
ચોકમાં તો રોપાવ્યા છે રોપરે, સા૦ વારીતારા લટકા ઉપર ઓપ મા૦ ૯૦
અરગ કપુરની આરતી સદા થાયરે, સા૦ સુણતાં મારી દુસ્ટ બુધી જાય માં૦ ૯૧
ચોક ઉપર બેઠા દીનોનાથરે, સા૦ દવારકાંના સ્વામી આવ્યા મારે હાથ. મા૦ ૯૨

તુળસીના મહીના.

ધન ધન પાટણ ધન ધન ગાંમ, ધન તુલસી તારૂં ઉત્તમ નામ. સાંભળો ગુણવંતા. ૧
અસાડે તુળશી રોપ રોપાવે, દેવ દમોદરને નીદ્રા નઆવે. સાંભળો ગુણવંતા.૨
સરાવણે તુલસી દોદોરે પાંને, હરખ્યા શ્રી નારાયણ તુલસીને નામે સાં૦ ૩
ભાદરવે તુળશી લેરેરે જાય, કંઠે સોવરાવે શ્રી જાદવરાય. સાં૦ ૪
આશોએ તુલસી આશા વળુધા, દેવ દામોદરે ખોળામાં લીધાં. સાં૦ ૫
કારતકે તુલશી બાળ કુંવારી, લગન નીરધારીને પરણ્યા મોરારી સાં. ૬

માગશરે માવટડે હરીઆં, શીઆળે તુળસીનાં આણારે કરીઆં. સાં. ૭
પોસ માસે પડયારે પોકાર, તુળસી વના સુનો સંસાર, સાં. ૮
માહા મહીને શુધ બુધ ન ભુલે, તુળશીવિના ત્રીભુવન ડુલે. સાં. ૯
ફાગણે ફાગ ખેલેરે ગોવંદા, પગરે પાવટડે હરી લેલાવટચંદા, સાં. ૧૦
ચઈતરે ચંત બોલે હંડોળા, હીંચકે હીંચે શ્રી ક્રસ્નજી કાળા. સાં. ૧૧
વઈશાખે ખીલી ફુલવાડી, ઓળેને ખોળે મે રમત રમાડી. સાં ૧૨
જેઠ માસે તુળશી કરમાણાં, સોલસે ગોપીઓ પાણીડાં ચાલ્યાં. સાં. ૧૩
તુલશીને કયારે ઘીના દીવલડા, હરી હરી કરતાં જાય એના જીવડા. સાં ૧૪
હું તમને પુછું મારી તુળશીરે માતા, કુણ તારી માતા ને કોણ તારો પીતા ૧૫
ધરતી મારી માતાને આભ મારો પીતા, દેવકી મારી સાસુ ને કૃષ્ણ ભરથાર ૧૬

થોભણદાસના મહીના.

કારતક કોડામણોરે, શીળો પુનમનો ચંદ વાલા;
રાધાજી કરે હરીની વીનતીરે, ચરણે રાખો ગોવીંદ વાલા. ૧
માગશરે મેલી ગયારે, પેઉ ગયા પરદેશ વાલા;
ભરજોબનમાં ભાંમનીરે, અબળા બાળે વેશ વાલા. ૨
પોશ માશે પૂછામણીરે, સાંભળ સઈયર વાત વાલા:
શ્રીકૃષ્ણ ચાલ્યા દુવારકાંરે, સોળસે ગોપીનો નાથવાલા. ૩
માહા મહીને મન માહરૂંરે, ચીતડું વ્યાકુળ થાય વાલા;
સમણાં લાગ્યાં શ્રી રામનાંરે, દીઠા જાદવ રાય વાલા. ૪
ફાગણ માસે ફરૂકીયારે, વાગેછે તાલ મરદંગ વાલા;
મધુરીશી વાય વાલો વાંશળીરે, હોળી ખેલે ગોવીંદ વાલા. ૫
ચઈતરે ચીંતામણીરે, ના આવ્યો નંદ કુમારવાલા;
કોઈ લાવે પેઉની વધામણીરે, આપુ એકાવળ હાર વાલા. ૬

વધ્રશાખે વનવેડીયાંરે, વેડીછે દાડમ દ્રાખ વાલા.
કોયલડી ટહુકા કરેરે, સરવો લાગે એનો સાદ વાલા. ૭
જેઠ મહીનાનાં રણ તપેરે, જેવા ઉનાળાના તાપ વાલા;
લંકામાં જવાલા પરજળેરે, ઉભા રહો રઘુનાથ વાલા. ૮
અશાડ માસ ભલે ઉલટયોરે, થાય વિજળીઆના વેગ વાલા;
ભલીરે ઉલટી મેની વાદળીરે, વરશા બારે મેઘ વાલા. ૯
શરાવણ વરસે સરવડેરે, નદીયે નિરમળ નીર વાલા;
ભીજે તે રાણી રાધીકારે, ભીંજાય દખણીના ચીર વાલા, ૧૦
ભાદરવો ભલે ગાજીયોરે, શીતળ ચડયાં વીસેસ વાલા;
ગોરાંદે ભીજાય ઘર આંગણુંરે, પેઉડો ભીજાય પરદેશ વાલા. ૧૧
આસો માસે દીવાળીરે, સજે સુંદરી શણગાર વાલા;
લેલાટ ટીલડી સોહામણીરે, કંઠે એકાવળ હાર વાલા. ૧૨
બારે માસ પુરા થયારે, આવેલો અધીક માસ વાલા;
ગાય શીખેને સાંભળેરે વીનવે શોભણદાસ વાલા. ૧૩

મહીના.

કારતક મહીને મેલી ગયા હરજી હઇઆમાં રાખો દયા;
ગોકુળ કેમ કરી રહેવાય, વાલમ વહેલા પધારજોરે. ટેક.
માગસર મહીને મહાલતાં, હરીને આંગણીએ બોલાવતાં;
કરતાં વાલપણાની વાત. વાલમ. ૨
પોશે પરભુ ગયા પરદેશમાં, મેલી અબળા બાળે વેશમાં;
સુનાં સહેજે નવ સહેવાય. વાલમ. ૩
માઘે મોહનજી મન સાંભરે, ગોપીની આંખડીએ આંસુ ઢળે;
સુનો વાલા વના સંસાર. વાલમ. ૪
ફાગણ મહીને વન ફુલી રહયાં, રમત રસીઆની ભુલીગયાં;

રસીઆ સેની ચડાવે રીસ. વાલમ. ૫
ચઇતરે મન ચંચલછે મહારૂ, હું તો ધ્યાન ધરૂં પ્રભુ તાહરૂં
ઘડી એક જુગ બરાબર જાય. વાલમ. ૬
વઇશાખે વાટડીઓ જોઇ વળી, પોતે પાવડીએ ચડી;
શુના જળ જુમનાંના ઘાટ. વાલમ. ૭
જેઠે જીવન જોવા નીસરી, સજવા સણગારો વીશરી;
ગીરધર ઘડીએ ન રહેવાય. વાલમ. ૮
અસાડેછે આશા ધ્રીજનારને, મોહન મનમાં વાત વીચારને;
પ્રીતમ આવે રહેશે પ્રાણ. વાલમ. ૯
શરાવણે શેરડીઓ સોધી વળી, દીઠી મેં ન તમારી મંડળી;
મેં ન દીઠા નંદ કુમાર, વાલમ. ૧૦
ભોજન ભાદરવે ભાવી રહયાં, વાલા વચન તમને શાં કહયાં;
વીનતા જુવે તમારી વાટ. વાલમ. ૧૧
આસો મેં જાણ્યુ હરી આવશે, તારે દીવાળી દીલ ભાવસે;
દીપક થાશે ઘેર ઘેર. વાલમ. ૧૨

દલપતના મહીના.

કારતક મહીને અબળા કહેછે કંથને,
હવે શીઆળો આવ્યો સ્વામી નાથજો;
હીમાળુ વા વહારે હલકી ટાઢડી.
શુ શોધો પરદેશ જવાના સાથજો;
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં ૧
માગસર મહીને હોંશ ઘણી મનમાહરે.
રસીઆ સંગ રમ્યાની માઝમ રાતજો;
ઘુંઘટડો કાઢીને ઘર આગળ ફરૂ,
પીયુ મેલો પરદેશ જવાની વાતજો. એ મહીને૦ ૨

પોસે જે અબળાને પીયુડે પરહરી,
તે નારીનાં પૂરણ મળીઆં પાપજો;
સાસરીએ રહીને તે શું સુખ ભોગવે,
મહીયરમાં નવ ગોઠે માને બાપજો. એ મહીને૦ ૩

માહા મહીને ના કરીએ નાથ મુસાફરી,
ધરૂં સાટે જઈ લાવો ખોરી જારજો;
વેંચીને જમશું રે મારા વાલમા,
જરૂર નહી જવા દેરૂં ઘરથી બહારજો. એ મહીને૦ ૪

ફાગ રમે ફાગણમાં નરને નારીયો,
ઘેર ઘેર નરૂતમ કઉતક નવલાં થાયજો;
જે નારીનો નાવલીયો નાશી ગયો,
કહો તેને કેમ નજરે જોયું જાયજો. એ મહીને૦ ૫

ચઇતરમાં ચતુરને પંથ ન ચાલવું,
જે ઘેર નારી સારી ચતુર સુજાણજો;
વાલપણે વચનેરે પેઉને વશ કરે,
નીરધારયાં પડયાં રહે પરીયાંણજો. એ મહીને૦ ૬

વાવલીઆ વાયારે પીયુ વઇશાખના,
રજ ઉડેને માણેક મેલુ થાયજો;
નથનીનું મોતીરે હીરો હારનો,
કહો પરહાથે કમ તે ધીરયો જાયજો, એ મહીને૦ ૭

જેઠે તો પરદેશે જાવું દોહલુ,
ભોમ ધખેને લ્હારા જેવી લુ વાયજો;
કોમળ છે કાયારે મારા કંથની,
વણ સાંચ્યાં જમ ફુલડીયાં કરમાયજો. એ મહીને૦ ૮

અંબર ઘન છાયોરે માસ અસાડનો,

મોર બોલે મે વરસે કુશળ ધારજો;
કચરાને કાદવરે મચીઆ મેદની,
પંખી માળા ઘાલે ઠારો ઠારજો. એ મહીને૦ ૯
શાવણમાં શીવ પુજીને સુખ માગીએ,
વાહાલાનો નવ હોજો કદી વીજોગજો;
રૂમીયા સ્વામીજી આપો એટલુ,
સાસુના જાયાનો નીત સંજોગજો. એ મહીને૦ ૧૦
ભાદરવો ભાર જોબનનો ફરી નહી મળે,
વહી જાશે જેમ નદીઓકેરાં નીરજો;
એવારે દીવશ નવ એળે કાઢીએ,
વાત વીચારી જુઓ નણદલના વીરજો. એ મ૦ ૧૧
આસોના દીવશ તો અતીરળીઆમણા,
ખાવું પીવું કરવા નવલા ખેલજો;
ભેળાં બેશી જમીએ રમીએ સોગટે,
છાતીમાં ભીડીને રાખુ છેલજો. એ મહીને૦ ૧૨
માસ અધીકમાં અધીકપણે શું કીજીએ,
રહો જોડીને નેણ સંગાથે નેણજો;
જેમ ન છુટે બુટો કાચ બીલોરનો,
દલપતના પ્રીતમ છો જાણ પ્રવેણજો. એ મહીને૦ ૧૩

ભુમાનંદના મહીના.

સખી કારતક કેમ કરી જાય, મોહન મેલી ગયા;
ખાલી મંદીર ખાવા ધાય, દીવશ દુખના રહયા
સખી સુની દેખીને સેજ, અંતરમાં અતી બળે;
મેલી પેઉ ગયા પરદેશ, શોક શેણે ટળે.
સખી પળ જુગ જેવી જાય, જીવત કેમ નીસરે;

દીધાં સુખ દેખાડીને હેત, વીસાર્યું ન વીસરે.
સખી દીલમાં લાગ્યો દાહ, પડી હું પરજળુ;
હવે ભુમાનંદના નાથ, આવે ક્યારે મળે. ૧

સખી માગશરે મહા દુખ થાય, પેઊ ગયા પરહરી;
નથી સંસારમાં સુખ લેશ, બાલા વીજોગ કરી.
સખી પાણી વીનાના મીણુ, શેગે થાય સુખીયાં;
તેમ તરફડીને પડશે તન, દારૂણ અમે દુખીયાં
કરૂ પેઊ પેઊ પોકાર, ઉભી જોઉં વાટડી;
મારૂ થઈ ગયુ વજર શરીર, ન રહે છાતડી.
સખી નેણમાં વરસે નીર આગ ઝરે અંતરે;
ગયા ભુમાનંદના નાથ, નાંખી પરતતરે. ૨

સખી પોસે પેઊનો વીજોગ, લાવો શો લીજીએ;
હવે દીલના દુ:ખની વાત, કોની આગે કીજીએ.
સખી સુના ચઉદે લોક, ચટે મારી નજરે;
હવે સજીએ શા શણગાર, ન આવે મજરે.
મને ઉતારી ઉંડે કુપ, વરત વાઢી ગયા;
મેલી અબળા એકાએક, એને ન આવી દયા.
ગયા પુરી પીંજર માંહી, જુરી જુરીને મરૂ;
આવે ભુમાનંદનો નાથ, તો દરસન કરૂ. ૩

આવ્યો મહાદુખનો દરીઓ, પાર કેમ પામીએ;
મને મેલી તેને મધ, તણાતી સ્વામીએ.
તોય પાપી પ્રાણ ન જાય, દોશ કેને દેઇએ;
તેતો વેરી વીધાતાનો વાંક, એમ સમજી રહીએ.
સખી ઉછેરી અમરીત પાઈ, ભીડીને ભુજમાં;
તેણે કરયો અમારો ત્યાગ, તેતો વાંક મુજમાં.

સખી પીઉ રીઝવ્યાની રીત, વાલે બહુ વાવડી;
ભુમાનંદ કહે એનો શો વાંક, મને નવ આવડી. ૪
સખી ફુલ્યો ફાગણ માસ, વસંત વહી જાયછે;
હવે કે સંગ ખેલુ ફાગ, ઉચાટ એ થાયછે.
વાલો બાંધી વસંતી પાગ, સુંદર છોગાં મેલતાં;
ગળે પહેરી ગુલાબના હાર, રંગે શું રેલતાં.
ભરજોબન મારૂ જાય, વરૂથા વાલા વના;
હવે શો કરીએ ઉપાય, થાય બક્ષીસ ગના.
સખી હોળી હઇઆ માંહ, વાલા વીજોગે બળે;
દેખું ભુમાનંદનો નાથ, શોક તારે ટળે. ૫
સખી ચઇતિરે ચીતમાં ક્ષોભ, અતીસય થાયછે;
મારે પીઉ વીના પળ એક, જુગ જેવી જાયછે.
સખી મોહન મળવાની, એક અંતરમાં ધ્રાંખડી;
જોઇ જોઈ જીવણની વાટ, ખોઇ મેંતો આંખડી.
સખી અબળા એકાએક, મરીસુ રડવડી;
કેમ જાઉ પીઉની પાસ, દીશાએકે નવ જડી.
સખી વીરહવતીનો તાપ, અંતરનો ત્યારે ટળે;
જ્યારે ભુમાનંદનો નાથ, બીડી ભુજમાં મળે. ૬
સખી વઇશાખે વલ્યાં વન, વાલો હજી નવ વલ્યા;
નાવે નીંદ્રા ન ભાવે અંન, ક્યારે થાશે ભેલાં.
અતી અંતર વીરહનો તાપ, ઉંપર લુ વાયછે;
શેણે શીતળ થાય શરીર, ઉચાટ એ થાંયછે.
મને મેલી મહાવનમાંય, હોડી હાલી ગઇ;
મારા દીલના દુઃખની વાત, કેને જાએ કહી.
સખી એકે ન રહ્યો આધાર, ક્યાં જઇને થોભીએ;

હવે ભુમાનંદના, વીના શું શોભીએ. ૭

સખી જેઠે જગજીવન, મને મેલી ગયા;
મે'તો કરયો અતી કલપાંત. તોએ ન આવી દયા,
સખી અબળાનું શું જોર, ચાલે જે રાખીએ;
થઇ નાથ વીનાનાં નીરાસ, નીશાસા નાંખીએ.

સખી પીયુ સંગ રમવાની હામ, હઇયામાં રહી;
ખોઈ રસીક શીરોમણ શાંમ, કંગાલ હું થઇ.
કાઢી સુખ સાગરથી બાહાર, નાંખી દુઃખ દરીએ;
હવે ભુમાનંદના નાથ, વીના શું શોભીએ. ૮

આવ્યો અશાડ ચમકે વીજ, ગાજે મેઘલા ઝરે;
બોલે બપઇઆ દાદુર મોર, કોયલ ટહુકા કરે.
કોરે કાળજ એના બોલ, અંતરમાં ઊંડાં ગરી;
વળી ઘોર અંધારી રાત, વીતે શેણે કરી.
મારૂં જોબન એળે જાય, પીયુને કયારે મલું;
એની અંતર વીરહનો તાપ, તેણે હુંતો બળું.
દેખી ધન શજી શણગાર, ધરો લીલી થઈ;
નાવ્યા ભુમાનંદનો નાથ, તેણે હું સુકી રહી. ૯

સખી શરાવણે વરસાદ, તો વરશે સરવડે;
તેણે આવ્યાં નદીએ પુર, શરોવર ભરયાં જળવડે.
પાકયા તરણવેલીયો અંન, સરા આવી સહુને;
પીયુ વીના પ્રતીવ્રતા નાર, દેખે દુખ બહુને.
સુને મંદીર અબળા હું એક, જાય કેમ જામની;
બોલે તમરાં અંધારી રાત, કંથ વીના કામની.
અમને અધુર અમરીત પાઇ, રાખ્યાં છે સુખીયાં;
હવે ભુમાનંદના નાથ, વીનાનાં દુખીઆં. ૧૦

સખી ભાદરવે ભરપુર, નદીઓ જાયછે;
તેતો સાગરનો શંગમ, થાવાને ચહાયછે.
મને પીયુ મળવા પ્રયાસ, અંતરમાં તો ઘણી;
પણ કેમ કરી થાય મેળાપ, ન સરજી પંખણી.
શરદ રૂતુમાં આવજો શામ, રંગ ભર્યાં રમીએ;
પાકયાં શરવે નવાં નવાં અંન, જમાડીને જમીએ.
સખી શોભે નહી શણગાર, અંગે તે શું ધરૂં;
હુંતો ભુમાનંદના નાથ, વીના અડવી ફરૂં. ૧૧

જાય ઊત્તમ આસો માસ, દીવસ દીવાળીરે;
ઉભી જોઊ જીવણની વાટ, મારગ સાંમું ભાળીરે.
લખુ કાગળ કોય લઇ જાઓ, આપો મારા નાથને;
હુંતો કેમ કરી રાખુ પ્રાણ, કહું જોડી હાથને.
ગયા વીતી બારે માસ, સંદેસો ન મેલીઓ;
મારા દીલમાં દુઃખનો આજ, રીણાવર રેલીઓ.
મારી વીનતી વાંચીને વાલા, ઉતાવળા આવજો;
ભુમાનંદ કહે નહીતો નાથ, મુને તુરત તેડાવજો. ૧૨

બ્રમાનંદના મહીના.

રાગ ધોળ.

જોડે જીવણ ચાલીઆ, નીર મોહી મારા નાથ;
દરસન વીના દુઃખીઓ ઘણો, સરવે વરજનો સાથ
અંતર તાપ વીજોગનો, લુ બહારથી વાય;
મળ્યા વીના હવે માવજી, જુગતુલ્ય રજની જાય.
ફળીઆમાં ઘોડી ફરતાં, ધરતાં છોગલાં શીશ;
તે દીન કયારે દેખાડશો, ડોલરીઆ જગદીશ.

પ્રાણજીવણ હવે પૂરીએ, હઇયા કેરી હાંમ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદીરશામ.
અશાડે અલબેલડા, પવનનું પુરૂં જોર;
જુકી આવી આકાશમાં, ઘન ઘટા ચારે કોર.
હળ જુત્યાં ૪ળ પાકીઆં, પાલવીઆં વન પાંન;
એ રતે પ્રીતમ આવીએ, કરૂણા સાગર કાંન.
પ્રેમ સુધારસ પાઇને, કીધા મોટેરા માવ;
મેલીને મથુરાં ગયા, ન ઘટે મારા નાવ.
અંતરમાં રેહેતો નથી. એક ઘડીએ આરામ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ.
શાવણ વરસે સરવડે, નદીએ નીર ન માય;
આવો હવે અલબેલડા, મળવા મન લલચાય.
વૃક્ષે લીલી વેલડી, આંબુ અપરંપાર;
કોઇક શીવ પુજા કરે, મોઢે ગાય મલાર.
હરી આવી ડુંગર ઉપરે, કરે કાંઈ વરત નેમ;
આરતમાં અમે તમ વીના, કહોને રહીએ કેમ.
સરવે સુખ સંસાંરનાં, તમ વીનાછે હરામ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુદર સાંમ.
ભાદરવામાં ભુધરા, નદીએ આવીઆં નીર;
એ રતે રહેવુ નવ ઘટે, છેટે સામ શરીર.
પ્રથવીએ અંબર પેરીઆં, લીલાં અતી નવરગ;
એ રતે સરવે સીતળ થયાં, અબળા દાઝેછે અંગ.
મધુરા બોલે મોરલાં, ઘન છાયો આકાશ;
એ રતે વહાલમ આવીએ, પુરો અંતર આશ.
લટકાળા લાગી રહી, ઝંખના આઠો જામ;

બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ. ૪

સરદરૂતુ સોહામણી, આવીયો આસો માસ;
એ રતે વાલમ આવીએ, રમવા સુંદર શામ.
નીરમળ અંબર થઇ રહયાં, થયાં નીરમળ નીર;
નીરમળ નાથ પધારીએ, છોગાળા બળવીર.
દસરાએ દલ ચાલીઆં, બાંધા નદીઓ ઘાટ;
એ રતુમાં અલબેલડા, વલી વલી જોઉ વાટ.
છેલ છબીલા સામલા, ઠરવાનુ છે ઠામ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ. ૫

કારતક માસે કાંનજી,વાટ જુવે વરજનાર;
અંતર ઉતાપો ઘણો લોચનીએ જળધાર.
અલબેલા વર આવીએ, ડોલરીઆ સુખ દેણ;
વાટ જોઇ જોઇ વાહાલમાં,ઝાંખાં થઇ ગયાં નેણ.
એકાદશી પ્રબોધની, ઉત્સવનો ઠરાવ;
એ રતે અહીંઆ આંવીએ,મીઠડા બોલા માવ.
તમસારૂ તલખે ઘણુ, સરવે ગોકુળ ગાંમ;
બ્રહ્માનંદના નાથજી,આવો સુંદર સ્યામ; ૬

માગસર મહીનો આવીઓ, બેઠી રત હેમંત;
પ્રીતમ હજી ન પધારીયા, કોમળ મારા કંથ
સારસડાં પણ સભાગીઆં, જ્યાં ત્યાં જોડી જાય;
અમને મેલી એકલાં, ગયા ત્રીભોવન રાય.
સરશ રીતે નીરમાં, ફુલ્યાં કમળનાં વૃંદ;
અમને કદી ફુલાવશો, છોગાળા વરજચંદ.
અરજ સુંણો આળસ તજો, કરો પુરણ કામ!
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર સાંમ. ૭

પોસમાસે પ્રેમદા, હેરે વાટ હમેશ;
કઠણુ થયા કેમ કાંનજી, જઈ વસ્યા પરદેશ.
જળથળ શીતળ થઇ રહ્યાં, શીતળ સેજ સમાજ;
અંતર શીતલ નવ થયાં, વણુ દીઠે વ્રજરાજ.
પંગતીમાં ફરી પીરસતાં, કરતા અતી મનુવાર;
તે દીન અમને સાંભરે, વહાલમ વારંવાર.
રશીઆજી તમે રીજીને, દેતા વસ્ત્ર ઇનામ;
બ્રમાનંદના નાથજી, આવો સુંદર શામ. ૮

માહા મહીનામાં માવજી, બોલે સંત વસંત;
આ રતમાં અલબેલડા કેમ નાવીયા કંથ.
પ્રીતમ આવી પંચમી, લોક ખેલેછે ફાગ;
વહાલમ તમ વીના વાધીયો, વરજ ત્રીયાને વેરાગ.
ઓરડીઆ નીચે ઓસરી, ખુબ કરતા ખેલ;
એ દીન અતીશય સાંભરે, રૂપાળા રંગરેલ.
અરજ સુણી હરી આવીએ. વાટ જુએ વરજનાર;
બ્રમાનંદના નાથજી, આવો સુંદર શામ. ૯

ફાગણુ ફાગ રમાડવા, આવો પ્રાણુ આધાર;
શામ સ્નેહી શામળા, વાટ જુએ વરજનાર.
નર નારી હોરી રમે, તજી લોકની લાજ;
આવે ટાણે હરી આવીએ, રંગભીને વરજરાજ.
ચાખડીએ ચડી ચાલતા, છત્રીની કરી છાંય;
લટક તમારી લાલજી, ચોરી ચીતડા માંય.
અંતર જામી આવીએ, દોહલી વેળાના દાસ;
બ્રમાનંદના નાથજી, આવો સુંદર શામ. ૧૦

ચઇતર માસે સામળા, આવ્યા નહી અવીનાશ;

વનસપતી સહુ પાંગરી, ફુલાછે પલાસ.
ચંપાજાય ચંએલીયો, ફુલી લતા અપાર;
એ રતે કેમ ન આવીયા, ભોગી ભમર ભરથાર.
ઓરડીયા તણા ઓશરી, ખુબ કરતા ખ્યાલ;
તે દીન કયારે દેખાડશો, નટવર નંદના લાલ.
કે દીન કરશો કાંનજી, આવી અહીઆં મકાંમ;
બ્રમાનંદના નાથજી, આવો સુંદર શામ. ૧૧
વઇશાખે વરજ વીનતા, પંથ જુવો કરી પ્રીત;
રુતુ આવી હરી ન આવીઆ, ચીંતા વાધી છે ચીત.
કોયલડીરે કરે ટહુકડા, આંખે આવીછે સાખ;
મારગ સામુ માવજી, જોઈ જોઈ પાકી આંખ.
વાય ઉનો વાયરો, થળ જળ શોષાં જાય;
તમવીના તન અબળા તણાં, ઉનાં ત્રીભોવનરાય.
મળવા કારણ માનની, ધરે અંતરે હાંમ;
બ્રમાનંદના નાથજી, આવો સુંદરશામ. ૧૨
બારે માસ પૂરા થયા, આવ્યો માસ અધીક;
પ્રીતમ પણ ન પધારી, રહ્યા મથુરામાં ઠીક.
અધીક મહીને અતી ઘણી, આશા હતી મન માંય;
તમ વીના સુની સેજડી, મળવા મન અકળાય.
મેહેલી લગાડી પ્રીતડી, રેહેવું ન ઘટે દુર;
તમ વીના મારા નાથજી, હઇડે દુખ ભરપુર.
બ્રમાનંદની વીનતી, ઉર ધરી અવીનાશ;
મેહેર કરીને માવજી, તેડી લેજોરે પાસ. ૧૩

સમાપ્ત.